NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**વિદ્યા સમીક્ષા કેન્દ્ર,**
**સેકટર–૧૯, ગાંધીનગર**

---

**નં. સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૬/ ૩૦૨૮૦ - ૨૯૯** **તા.૦૬.૦૭.૨૦૨૬**

પ્રતિ
મેરીટ ક્રમ–૧ થી ૧૯

**વિષય : સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયકક્ષાની ઓફિસર ઈનચાર્જ: પીએમશ્રીની જગ્યા માટે પ્રમાણપત્રો અને ગુણપત્રકોની ચકાસણી માટે હાજર રહેવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયકક્ષાની ઓફિસર ઈનચાર્જ: પીએમશ્રીની જાહેરાત અન્વયે ઓન–લાઈન કરેલ અરજી અનુસંધાને નીચે દર્શાવેલ કચેરી ખાતે નિયત તારીખ અને સમયે અસલ પ્રમાણપત્રો અને ગુણપત્રકો તેમજ અન્ય સાધનિક કાગળોની ચકાસણી માટે આપે ઉપસ્થિત રહેવાનું રહેશે.

| | |
|---|---|
| **પ્રમાણપત્રો, ગુણપત્રકોની ચકાસણી માટેનું સ્થળ :** | **ગુજરાત શાળા શિક્ષણ પરિષદ<br>સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,<br>સેકટર–૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૦** |
| **તારીખ/વાર** | **તા.૧૦.૦૭.૨૦૨૬ (શુક્રવાર)** |
| **સમય** | **૦૯:૦૦ કલાક, સવારે** |

ઉકત પ્રમાણપત્રો, ગુણપત્રકો તેમજ અન્ય સાધનિક કાગળોની ચકાસણી દરમિયાન આપે કરેલ ઓન લાઈન અરજી પર આપનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો અને ઓરીજનલ સહીવાળી નકલ તેમજ આપના અસલ પ્રમાણપત્રો તથા તેની એક–એક ઝેરોક્ષ નકલ સાથે ફરજિયાત ઉપસ્થિત રહેવાનું રહેશે.

**વધુમાં આપ રૂબરૂ પ્રમાણપત્રો, ગુણપત્રકો તેમજ અન્ય સાધનિક કાગળોની ચકાસણી માટે આવો ત્યારે તમારા ઓરીજનલ સર્ટીફીકેટ ચેક કરતી વખતે ઓન લાઈન અરજીમાં કે જાહેરાતમાં દર્શાવ્યા મુજબ લાયકાત ધરાવતા ન હોય અથવા ખોટી માહિતી ભરેલ હશે તો તમને તાત્કાલિક અસરથી ડીસકવોલીફાઈડ ગણી મેરીટયાદી માંથી બાકાત કરવામાં આવશે જેની નોંધ લેશો.**

**જાહેરાતમાં માગ્યા મુજબના વર્ષોનું સવેતન અનુભવના પ્રમાણપત્રો માટે પગાર બેન્કમાં થતો હોય તો પાસબુકની ઝેરોક્ષ નકલો અથવા આપની સહી વાળી દરમાસની હાજરી પત્રકની ઝેરોક્ષ, શિક્ષક તરીકે યુડાયસમાં નામ હોય તો વર્ષ વાઈઝ યુડાયસની ઝેરોક્ષ નકલો તેમજ જે શાળા/સંસ્થામાં કામ કરતાં હોય તે શાળા/સંસ્થાનું અનુભવનું પ્રમાણપત્ર ફરજિયાત સાથે લાવવાનું રહેશે.**

ઉકત પ્રમાણપત્રો, ગુણપત્રકો તેમજ અન્ય સાધનિક કાગળોની ચકાસણી માટે આવનાર ઉમેદવારને કોઈ પણ જાતનું ભથ્થુ કે ટી.એ.ડી.એ. ચૂકવવામાં આવશે નહિ. જેની નોંધ લેશો.

**નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મળેલ મંજુરી અન્વયે**

**(શિલ્પા પટેલ)**
**સચિવ**
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

D:\D\Recruitment-2026\Call Letter District Posts.docx